# પ્રવર્તમાન સંદર્ભમાં "અભિજ્ઞાનશાકુંતલ"નું મહત્ત્વ

પ્રા. ડૉ. સંકેત રમેશચંદ્ર પારેખ
ડી.એન.પી આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા, જી.બનાસકાંઠા

ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર શ્રી ઉમાશંકર જોશી ' શ્રી અને સૌરભ' માં લખે છે તે વિધાન સર્વથા ઉચિત છે, "જગતના નાટ્યસાહિત્યમાં સંસ્કૃત નાટકો સહેજે ગૌરવભર્યું સ્થાન ભોગવે એવાં છે. કાલિદાસ અખિલાઈવાળા જીવનદર્શનથી, ભવભૂતિ ભાવજ્ઞતા અને પ્રકૃતિ પ્રેમથી, તો શુદ્રક વાસ્તવિક જનસ્વભાવના નિરૂપણથી તુર્ત જ ધ્યાન ખેંચે છે".

મહાકવિ કાલિદાસ સંસ્કૃત સાહિત્યના શ્રેષ્ઠ નાટ્યકાર છે. તેમણે મહાભારતમાંથી મળેલ એક 'લોક કથા'નો ઉપયોગ કરી એક 'અનવદ્ય કલાકૃતિ' સર્જી છે. મહાભારતના આદિપર્વમાં રજૂ થતું આ આખ્યાન નીતાન્ત નીરસ, અરુચિકર જણાય છે. કિન્તુ કાલિદાસે આ જાણીતા વસ્તુસંયોજનમાં ચરિત્ર- ચિત્રણની ગરિમા સાદ્યન્ત જાળવી આમૂલ પરિવર્તન સાધ્યું છે.

જેમ કે, શકુંતલાના શીલની રક્ષા કરવા એમણે અનસૂયા અને પ્રિયંવદા જેવી પ્રેમાળ સહેલીઓની કલ્પના કરી છે, જેઓ પોતાની આ ગુણવાન-સૌંદર્યવાન સહેલીના ભવિષ્યની ચિંતા સ્વયં કરીને તેને ચિંતાભારથી મુક્ત બનાવે છે.

આજે સાચા મિત્રો મળવા દુર્લભ છે. મિત્રના હિતની-ભવિષ્યની ચિંતા કરનારા કેટલા સાચા મિત્રો હશે ? જો મિત્ર ગલત માર્ગ પર જતો હોય તો તેને પ્રેમથી-સમજણથી સાચા પંથ પર લાવનાર મિત્રો કેટલા ? તત્કાલીન સમયમાં મિત્રની પરિભાષા સ્વાર્થ પૂર્તિ માટેની નહોતી. અહીં અનસુયા અને પ્રિયંવદા જેવી શકુંતલાની સહેલીઓ ની લાક્ષણિકતા ધ્યાનાકર્ષક છે . સખી શકુંતલાની સાચી બહેનપણીઓ !!

'અભિજ્ઞાન શાકુંતલ' નું કથાનક બે વિરોધી માનસ પ્રવૃત્તિઓના તુમુલ સંઘર્ષ પર આશ્રિત છે. આ પ્રવૃત્તિઓના નામ છે - કામ અને ધર્મ, વાસના અને કર્તવ્ય. નાટકના આરંભના ત્રણ અંકોમાં કામ નું રાજ છે અને ઉત્તરાર્ધમાં ધર્મનો જય-વિજય દર્શાવ્યો છે. વાસનાના વશમાં હોવાથી રાજાનું અનેક રીતે ક્રમશ: પતન થતું જાય છે, પરંતુ કર્તવ્યની દિશામાં જ્યારે તે અગ્રેસર થાય છે ત્યારે તેનું ઉત્થાન થાય છે.

એ સંદર્ભે દુષ્યંતનું ચરિત્ર ચિત્રણ અહીં Loud Thinking' સૂચવે છે. શરૂમાં તે કામગ્રસ્ત છે. પ્રકૃતિ આધીન છે. પરંતુ અંતે કર્તવ્યથી વિમુખ થનારો નથી. આજના સત્તાધીશોને જોઈએ છીએ તો ઘોર નિરાશા પ્રવર્તે છે. તેઓ સતત સત્તા, વૈભવ, પૈસા અને કામના નશામાં ચકચૂર છે. આવા નશામાં હોવાને કારણે તેમને નથી પ્રજાની ચિંતા, નથી

પ્રકૃતિની ચિંતા, ચિંતા છે તો માત્ર સ્વયંની. આવા સત્તાધીશોની એક જ નીતિ કામ કરે છે- 'વર મરો, કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો.'

'પ્રાચીન સાહિત્ય'માં શ્રી રવીન્દ્રનાથ ટાગોર 'શાકુંતલ' ના પ્રથમ અંક વિશે જણાવે છે, ' પ્રથમ અંક ચાંચલ્ય અને ઔજ્વલ્યથી ભરેલો છે. તેમાં જોબનથી છલકાતી ઋષિ કન્યા, આનંદથી ઊભરાતી બે સખીઓ, નવા ફૂલના ફાલવાળી જ્યોત્સ્ના, સુગંધથી બહેકેલો મૂઢ ભમરો અને ઝાડની ઓથે ઊભેલો મૂઢ રાજા. એ બધા તપોવનના એકાંતભાગનો આશ્રય કરી, સૌંદર્યથી ભરેલું એક અદભૂત દ્રશ્ય ખડું કરે છે."

પ્રથમ અંકમાં કાલિદાસની પરિપક્વ પ્રતિભાનો આપણને પરિચય થાય છે.આ અંકમાં રાજા હરણને મારવા માટે બાણ ચડાવે છે, ત્યારે સારથિ રાજાને ટકોરે છે. આજનો કયો અમલદાર કે સચિવ આ રીતે સત્તાધીશ ની સામે વર્તી શકે?

-'ભો ભો રાજન આશ્રમમૃગોઽયં ન હંતવ્યો ન હંતવ્ય: |

અર્થાત - અરે અરે ! રાજન ! આ આશ્રમનું હરણ છે. (આને તો ) ન હણાય, ન હણાય.

આ એવો જમાનો હતો કે જેમાં રાજા જો કોઈ ભૂલ કરતો હોય તો મંત્રી,પ્રધાન કે સારથી રાજાને નિર્ભયપણે કહી શકતા હતા. સ્પષ્ટવક્તા હતા. વિચાર, વાણી અને વર્તનમાં ઐક્ય હતું. આજના આધુનિક યુગમાં પ્રધાનોની સામે કડવું સત્ય બોલી શકે તેટલા અમલદારો કે સચિવો કેટલા ? આ બધાને પોતાની ખીચડી પકવવામાં રસ છે. જનતાનું જે થવું હોય તે થાય.

અહીં આશ્રમના શિષ્યો પણ રાજાને શીખ આપી શકે છે. તેટલું મુક્ત વાતાવરણ છે. અભયયુક્ત. જુઓ, વૈખાનસની રાજા સમક્ષની ઉક્તિ :

'જેમ ફૂલોના ઢગલામાં અગ્નિ (ન ફેંકાય) તેમ આ કોમળ મૃગના શરીર પર બાણ ન જ ફેંકાય, ન જ ફેંકાય. ક્યાં આ બિચારા હરણના અતિ ચંચળ પ્રાણ અને ક્યાં આપનાં સુતીક્ષ્ણ પ્રહારવાળા અને વજ્ર જેવા કઠોર બાણ. તો સારી પેઠે તાકેલું બાણ પાછું ખેંચી લો. તમારું હથિયાર દુઃખીનાં રક્ષણ માટે છે; નિર્દોષ ઉપર પ્રહાર કરવાને માટે નહીં".

મહાભારતમાં વિદુરની નીતિથી આપણે સૌ વાકેફ છીએ. ધૃતરાષ્ટ્રની સામે કડવું સત્ય ઉચ્ચારનાર મહાત્મા વિદુર હતા. ધૃતરાષ્ટ્રે જો વિદૂરની વાત માની હોત તો કુરુક્ષેત્રનું યુદ્ધ થયું ના હોત. પુત્રમોહ કુળ અને રાષ્ટ્રને ભરખી જાય છે. રાષ્ટ્ર મહાન છે. રાષ્ટ્રધર્મનું મહત્વ છે. પુત્ર મોહ નહીં. ઈતિહાસમાં એવા ઘણા દ્રષ્ટાંતો જોવા મળશે કે જેમાં મંત્રીએ રાજાને ભૂલો કરતા અટકાવ્યા હોય. ઉદાહરણરૂપ જોઈએ તો- કૃષ્ણદેવ- તેનાલીરામન, અકબર-બીરબલ કે પછી કાઠિયાવાડમાં ચારણોના અનેક કિસ્સાઓ જગજાહેર છે. આજે કોઈ અધિકારી-અમલદાર એવો જોવા નથી મળતો કે તેના નેતાને બેધડકપણે નિર્ભય થઈને કહી શકે, 'સાહેબ, તમે આ ઠીક નથી કરતા. રાષ્ટ્રના વિકાસ માટે વોટબેન્કનું રાજકારણ બંધ કરો'.

ટાગોરે અહીં દર્શાવ્યું છે કે, અનસૂયા, પ્રિયંવદા જેવા સજીવપાત્રોની જેમ તપોવનનું અસ્તિત્વ જીવંત બની રહ્યું છે. જો તપોવન ન હોત તો શકુંતલા કંઈક જુદી જ હોત. તપોવનનો પ્રભાવ કુંતલાના ચરિત્ર પર સ્પષ્ટ રીતે દ્રષ્ટિગોચર થાય છે. સાચો પ્રેમ પામવા માટે કેટલું તો સુંદર સાધન બનાવવામાં આવ્યું છે .તપોવનની શોભા વૃક્ષોને કારણે છે. વૃક્ષો પ્રકૃતિની ખીલતી કળામાં અભિવૃદ્ધિ કરે છે. આશ્રમવાસીઓને વૃક્ષો માટેનો ઘેરો લગાવ છે. જોકે, આશ્રમની શોભા જ વૃક્ષોને કારણે છે. પર્યાવરણની કેવી તો જાળવણી તત્કાલીન સમયમાં થતી હતી.

વેદકાળના ઋષિઓને વૃક્ષો માટે ભારે લગાવ હતો. આ અરણ્યસંસ્કૃતિ જ સાચી સંસ્કૃતિ. 'છોડમાં રણછોડ' નું આજે માત્ર સૂત્ર રહ્યું છે, ભાવ તો ક્યારનો ય મરી પરવાર્યો છે. આજના પર્યાવરણને સુધારવું હોય તો વૃક્ષોનું જતન કરવું જ પડશે. એવું કહેવાય છે કે 'વનસ્પતિમાં પણ જીવ છે' એવું સત્ય જ્યારે જગદીશચંદ્ર બોઝે જાહેર કર્યું હતું ત્યારે ઘણા વિજ્ઞાનીઓનાં દિમાગમાં ચરચરાટ ઉપડી હતી. તેમનું માનવું હતું કે, જેવી લાગણી અને સંવેદના માણસ અનુભવે એવી જ સંવેદના વનસ્પતિને ય થતી હોય છે.

આ કૃતિના ચોથા અંકમાં કાલિદાસે પ્રકૃતિ અને મનુષ્યને એક ઘનિષ્ઠ પ્રેમસંબંધથી બંધાયેલા દર્શાવ્યા છે. અહીં શકુંતલાની વિદાયનો પ્રસંગ છે. પ્રકૃતિ પર તેની કેવી તો માઠી અસર જોવા મળી છે. પાંદડાનું ખરવું અને પ્રકૃતિનું રડવું. પ્રકૃતિ તથા મનુષ્યનું આવું સહાનુભૂતિપૂર્ણ વર્ણન સંસ્કૃત સાહિત્યમાં જવલ્લે જ જોવા મળે છે. આ પ્રસંગ જોઈએ.

મહર્ષિ કણ્વ શકુંતલાની વિદાયની આજ્ઞા પ્રકૃતિ પાસે માંગી રહ્યા છે.

કશ્યપ : અરે ઓ, નિકટવર્તી તપોવન વૃક્ષ !

"તમે પાણી ન પીધું હોય ત્યાં સુધી જે પહેલાં (પાણી) પીવાનો પ્રયાસ કરતી નહોતી, શણગાર પ્રિય હોવા છતાં તમારા તરફના સ્નેહને કારણે જે કૂંપળો પણ ચૂંટતી નહોતી. તમને પહેલીવાર ફૂલ ફૂટે ત્યારે જેને ઉત્સવ થતો, તે આ શકુંતલા પતિગૃહે જાય છે. તમે સૌ એને (જવાની) અનુજ્ઞા આપો". (૯)

"વનવાસનાં આથી વૃક્ષોએ શકુંતલાને જવાની અનુમતિ આપી, કારણ કે કોયલના મધુર ટહુકાર દ્વારા તેમણે પ્રત્યુત્તર વાળ્યો છે". (૧૦)

કેટલી તો ઉદાત્ત ભાવના !!

આજના કાળા માથાના માનવીને કોયલનો ટહુકાર સાંભળવાનો સમય જ ક્યાં છે ? સવારે ઉઠતાં વેંત વનસ્પતિને પાણી પાઈને પછી પાણી પીવું તેવી ટેક લેનારાં ઘણા ઓછા છે. અહીં તો શકુંતલાને શણગાર પ્રિય હોવા છતાં ફૂલો ચૂંટતી નથી. જ્યારે આજે તો ફૂલોના શોખ માટે બાગોના બાગો ઊજડી જાય છે. છતાંય કોઈના પેટનું પાણી હાલતું નથી. યાદ રહે કે-શકુંતલાનું નામ અહીં 'વનજ્યોત્સ્ના' પાડવામાં આવ્યું છે.

'અભિજ્ઞાન શાકુંતલ' ના ચતુર્થ અંકનો શકુંતલા વિદાય પ્રસંગને નીરૂપતો એક શ્લોક જોઈએ.

અર્થો હિ કન્યા પરકીય એવ
તામશ્ચ સંપ્રેષ્ય પરગ્રહીતુ : |
જાતો મમાયં વિશદ: પ્રકામં
પ્રત્યપિર્તન્યાસ ઈવાન્તરામા ||

જેનો ભાવાર્થ જોઈએ તો-

છે દીકરી તો ધન પારકું જ

વળાવી એને પતિ- ઘેર આજે
થયો અતિ સ્વસ્થ જ અંતરાત્મા
મારો, યથા થાપણ પાછી સોંપ્યે.

પોતાની દીકરીને ગમે તેમ કરી પરણાવી દેવાની વૃત્તિ જે પરિવારમાં હોય, એવી માન્યતા હોય કે 'દીકરીને પરણાવી દઈએ પછી એ જાણે અને એના સાસરીયાં જાણે' - આવું વિચારનાર ભલે ગમે તેટલા અમીર કે શિક્ષિત કેમ ન હોય, પણ લાગણીશીલ કે ભાવનાશીલ તો નથી જ નથી. પૂ. મોરારીબાપુએ ક્યાંક લખ્યું હતું તે સ્મરણમાં આવે છે, 'મારી સમજ કાંઈક એવી છે કે પુત્ર એ પિતાનું રૂપ છે, પરંતુ પુત્રી એ તો પિતાનું સ્વરૂપ છે. પુત્ર એ બાપનો હાથ છે, પરંતુ દીકરી એ બાપનું હૈયું છે. અને એટલે જ બાપ જ્યારે કન્યાદાન આપતો હોય ત્યારે, એ દીકરીનો હાથ જમાઈના હાથમાં આપતો હોય છે, પરંતુ વાસ્તવમાં તો એ પોતાનું હૈયું જ આપતો હોય છે. દીકરી પરણીને સાસરે જાય છે, પણ એથી એ ભૂતકાળ બની જતી નથી, પિતા કે માતાની યશસ્વી આગેકૂચમાં દીકરીનો ફાળો નાનોસૂનો નથી. પિતાની આંખમાં આંસુ જીવનમાં એક જ વાર આવે છે, જ્યારે દીકરી લગ્ન કરીને સાસરે જાય છે ત્યારે.

શકુંતલાના વિદાયવેળાના પ્રસંગે કણ્વઋષિ રોઈ પડ્યા હતા. એમણે તો સંસારના ત્રાગડા તોડી નાખ્યા હતા, એ પાલક પિતા હતા, વૈરાગી હતા, છતાં શકુંતલાની વિદાય વખતે તેઓ ધ્રુસકે ધ્રુસકે રડી પડયા હતા.

કાલિદાસે 'અભિજ્ઞાનશાકુન્તલ' ગૃહસ્થાશ્રમનો મહિમા પણ ગાયો છે. જ્યાં કૃતિનો પાયો છે. દાંપત્ય જીવનમાં પતિ-પત્નિને એકબીજા પર વિશ્વાસ હોવો જોઈએ, શ્રદ્ધા હોવી જોઈએ. જો ન હોય તો અહીં દુષ્યન્ત અને શકુન્તલાનું યુગલત્વ ખંડિત થતું દર્શાવ્યું છે. જે છેલ્લા અંકમાં દુષ્યંત-શકુંતલા બંનેને દેહાકર્ષણ નહીં, પણ એકબીજા માટે પ્રેમ-શ્રદ્ધા-વિશ્વાસ દૃઢ બને છે. ત્યારે કાલિદાસ તે બંનેને જોડવાનું કામ કરે છે. તેવી ઘટનાઓ રોજિંદા જીવનની બનતી જાય છે. ઉદાહરણ તરીકે જોઈએ તો અહીં દુષ્યંત-શકુંતલાને પ્રેમ કરે છે, સગર્ભા બને છે ત્યારેદુષ્યંત પ્રેમની સાબિતી (વીંટી) માંગે છે. 'તું મારી પત્ની છે' તે સાબિત કરવા પત્નિ કેવી રીતે પ્રમાણ આપે? શકુંતલા વીંટીરૂપ સાબિતી આપી શકતી નથી, માટે દુષ્યંત ( ગાંધર્વ વિવાહ- જેમાં માત્ર વર અને વધૂ જ હોય... વડીલો ગેરહાજર હોય...). શકુન્તલાને અપમાનિત કરી કાઢી મૂકે છે અને છેલ્લા છઠ્ઠા અંકમાં વીંટી મળે છે ત્યારે તેને શકુન્તલાનું સ્મરણ થાય છે ,ને તેને મેળવવા માટે પ્રયત્ન આદરે છે.

કાલિદાસ ઉપર્યુક્ત પ્રસંગ પરથી એવો અંગૂલિનિર્દેશ કરવા માંગતા હોય કે ગૃહસ્થાશ્રમમાં પતિ-પત્નિને એકમેક પર શ્રધ્ધા ના હોય, વિશ્વાસ ના હોય તો સંબંધ ટકતો નથી. શ્રદ્ધા- વિશ્વાસ ગૃહસ્થાશ્રમનો મજબૂત પાયો છે. આજે તો નાની બાબતોમાં પતિ-પત્નિનાં છૂટાં-છેડાં થઈ જતાં હોય છે.

ઉપરાંત "અભિજ્ઞાનશાકુંતલ"માં કાલિદાસે આતિથ્યસત્કારનો મહિમા સમજાવ્યો છે. ભારતમાં આતિથ્યસત્કારની ખૂબ ઊંચી ભાવના છે. શકુન્તલાના આશ્રમમાં બંને અતિથિ પધારે છે. દુષ્યંત અને દુર્વાસા. એમાં દુષ્યંતનું સ્વાગત શકુંતલા હૃદયના ઉમળકાથી કરે છે તેને તન-મન બંને અર્પે છે. જ્યારે તપસ્વી દુર્વાસા ઘર આંગણે પધાર્યા છે ત્યારે શકુંતલા તેમની સામે જોતી પણ નથી. અહી આતિથ્યસત્કારની ભાવના ખંડિત થાય છે.માટે દુર્વાસાએ શકુંતલને શ્રાપ આપ્યો છે- તું

જેનું સ્મરણ કરે છે તે તને ભૂલી જશે. ભારતીય સંસ્કૃતિમાં આતિથ્યસત્કારની ખૂબ ઊંચી ભાવના છે. આતિથ્યસત્કારની ભાવના અહીં ભૂલાઈ ચૂકી છે. જેનું પરિણામ- માઠુ પરિણામ શકુંતલાને ચાખવું પડે છે.

આ કૃતિમાં કશ્યપની ગેરહાજરીમાં તેના પાલક પિતાની ગેરમોજૂદગીમાં દુષ્યંત અને શકુંતલાનો પ્રેમ ફાલ્યો-ફૂલ્યો છે. છાના છપના પ્રેમની કોઈ કિંમત હોતી નથી. કોઈ ઉજળું ભવિષ્ય હોતું નથી, એ હંમેશા સજાને પાત્ર જ ઠરે છે તેવું કાલિદાસને મન કદાચ અભિપ્રેત હોય તેવું જણાય છે. માતા-પિતાને અંધારામાં રાખી જે યુવતી વાસનાગ્રસ્ત બને છે તેને ઘણું સહન કરવું પડે છે. વાત જાહેર થાય છે ત્યારે સમાજ પણ તેને તિરસ્કારે છે. મોટે ભાગે તો સ્ત્રીઓને જ યુવાનીના ઉન્માદમાં સહેવાનું આવતું હોય છે.અહીં શકુન્તલાને સહેવાનું આવે છે. દુષ્યંત રાજા હતો, આશ્રમની શિસ્ત આ યુગલ તોડે છે. શકુંતલાને જોઈને દુષ્યંત પણ ભાન ભૂલ્યો છે. તેની સાથે શારીરિક સબંધ બાંધી બેઠો છે. દુષ્યંતે શકુંતલાના પાલક પિતા કશ્યપની આશ્રમમાં આવવા સુધી પ્રતિક્ષા કરી નથી. શકુંતલાની સાથે લગ્ન કરવા સુધી રજા-સંમતિ માંગી નથી. આ તે કેવો પ્રેમ !! એ જ રીતે શકુંતલાએ પણ તેના પાલક પિતાની રાહ જોયા વિના તેમની લગ્ન માટેના સંમતિ લીધા વિના દેહાકર્ષણથી આકર્ષાઈ ગાંધર્વ વિવાહ કરી લીધા છે. જેને પરિણામે શકુંતલા સગર્ભા બને છે.દુષ્યંત સ્વીકારતો નથી. ત્યારે સમાજમાં તે તિરસ્કાર પાત્ર ઠરે છે.

ઉપર્યુક્ત પ્રસંગને વર્તમાન સંદર્ભમાં મૂલવીએ તો જાણે કે કાલિદાસ આજની યુવતીઓ બિન્દાસ્ત બની 'પ્રેમ'માં પડે છે, તેઓને લાલબત્તી ધરતાં હોય તેવું જણાય છે. વાસ્તવમાં કશ્યપની ગેરહાજરીમાં સમગ્ર આશ્રમનુ ધ્યાન રાખવાની જવાબદારી શકુન્તલાની છે, પણ જવાબદારીમાંથી મુક્ત બનીને દુષ્યંત સાથે પ્રેમલીલામાં મગ્ન બને છે. આ બંનેના સંબંધની જાણ વયોવૃદ્ધ ગૌતમીને નથી. 'છૂપો પ્રેમ' હંમેશા વિનાશ સર્જે છે. માતા-પિતાને અંધારામાં રાખી 'પ્રેમ' કરનારની કેવી હાલત -બદહાલત થાય છે તે શકુંતલાનાં પાત્ર ચિત્રણથી સમજી શકાય છે.

**સંદર્ભ ગ્રંથો**


૧. શ્રી અને સૌરભ-ઉમાશંકર જોશી
૨. પ્રાચીન સાહિત્ય -રવીન્દ્રનાથ ટાગોર
૩. ઉમાશંકર જોશી વિવેચન, ખંડ-૩-સંપા. ચંદ્રકાંત શેઠ
૪. અભિજ્ઞાનશાકુંતલ-પાર્શ્વ પબ્લિકેશન્સ, અમદાવાદ
૫. અભિજ્ઞાનશાકુંતલ-શાસ્ત્રી દવે, જ્યોતિ પ્રકાશન, 2004.
૬. અભિજ્ઞાનશાકુંતલ-તપસ્વી નાંદી, મહાજન પ્રકાશન, 1988
૭. અભિજ્ઞાનશાકુંતલ-દેવેન્દ્ર પટેલ, નવભારત પ્રકાશન, 2014
૮. અભિજ્ઞાનશાકુંતલ-શાંતીકુમાર પંડ્યા,પાર્શ્વ પબ્લિકેશન્સ, 1989
૯. અભિજ્ઞાનશાકુંતલ-કાલિદાસ-મૂળ લેખક, કૈલાસનાથ દ્વિવેદી, અનુ લેખક, જયપુર સબલાઈન, 2005 1989
૧૦.અભિજ્ઞાનશાકુંતલ-ઉમાશંકર જોશી, ગૂર્જર પ્રકાશન, 1966